## જન્મદિને વધામણી



અંબાલાલ પ્રજાપતિ
કવિ
મો. ૯૮૨૫૯ ૨૧૩૯૭



યોગી રામદાસજી રાવળ
કથાકાર
મો. ૯૦૩૩૭ ૪૪૬૦૪



બિહોલા ચંદ્રસિંહ આર
મો. ૯૪૨૬૨ ૮૨૮૨૧



ભગવાનભાઈ કા ગોહેલ
પ્રમુખ, ગાંધીનગર શહેર મોચી સમાજ
મો. ૯૯૭૮૪ ૪૨૦૪૪



પંઢરીનાથ શંકરરાવ જગતાપ
આજીવન સભ્ય
મહારાષ્ટ્ર સમાજ, ગાંધીનગર
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
કારોબારી સભ્ય, ગાંધીનગર
શહેર પેન્શનર્સ સમાજ
મો. ૯૮૨૫૦ ૨૯૨૦૪



મિસરી એમ પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# એસ. જી. અને એસ. વી. શાળામાં સ્પોર્ટ્સ ડે







તા-૨૯-૧૨-૨૦૧૮ને શનિવારના રોજ મહાત્મા ગાંધી વિદ્યાલય સેક્ટર-૧૬ના પ્રાંગણમાં એસ.જી,અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનો રમતોત્સવ યોજાયો હતો. આ રમતોત્સવની શરૂઆત ટોર્ચ માર્ચ પછી વિવિધ ઈવેન્ટની શરૂઆત થઈ હતી. વિવિધ હાઉસની પરેડ, સૂર્ય નમસ્કાર, કરાટે, માર્ચ પાસ્ટ ધોરણ ૧ થી ૮ની માસ ડ્રિલ, પોલ ડ્રીલ, સાડી ડ્રીલ, પીરામીડની રજૂઆત થઈ હતી. ત્યારબાદ વિવિધ એથ્લેટિક સ્પર્ધાઓ યોજાઈ હતી. સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને મેડલ અને સર્ટીફીકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ રમતોત્સવમાં ૨૦૦૦ વિધ્યાર્થીઓએ ભાગ લીધો હતો આ રમતોત્સવમાં વિવિધ રમતોમાં આઝાદ (ગ્રીન) હાઉસનો પ્રથમ નંબર આવ્યો હતો.

કડી કેમ્પસના કેમ્પસ ડાયરેકટર વિવિધ શાળાના આચાર્ય તેમજ અન્ય મહેમાનશ્રીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપીને કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર શાળાના ટીચિંગ તેમજ નોન ટીચિંગ સ્ટાફના અથાગ પ્રયત્નોથી આ રમતોત્સવ સફળ રહ્યો હતો.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર



ગુજરાત ઊર્જાવિકાસ એજન્સી ગાંધીનગર તથા નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગરના સયુંકત ઉપક્રમે ઊર્જાના વિવિધ ઉપયોગો તથા સ્ત્રોત વિષે માર્ગદર્શન શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ ખાતે યોજાયું હતું.

શાળાની ધોરણ -૯ની વિદ્યાર્થિનીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અનિલભાઈએ ટેલીફિલ્મ પણ બતાવી તથા ઊર્જા બચત માટેના પ્રયત્નો વિષે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હિમાંશુભાઈ, શિવાંગભાઈ, જેનીભાઈ, ક્રિમેશભાઈ વગેરે હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદશન પૂરું પાડ્યું હતું. શાળાનાં આચાર્ય રમીલાબેન ચૌધરી તથા ધરાબેન પટેલે આ કાર્યક્રમનું આયોજન, સંચાલન કર્યું હતું.



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે ધોરણ-૧૨ કોમર્સ પછીની કારકિર્દી વિષયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરમ-૧૨ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે તેમજ તેમનું ભાવિ નક્કી કરવાની સુવર્ણ તક મળી રહે તે હેતુથી શહેરના જાણીતા માર્ગદર્શક દ્વારા વિદ્યાર્થીઓની છૂપી શક્તિઓને ખીલવવા અને તેમના પથ પ્રદર્શક બની સીએ, સીએસ અને સીડબલ્યુએ કોર્સ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને પોતાની કેરિયરલક્ષી અભ્યાસક્રમોનું મહત્ત્વ સમજાવ્યું હતું અને તેમના વ્યવસાયલક્ષી પ્રશ્નોનું યોગ્ય દિશાસૂચન આપ્યું હતું.

# એસ. કે. પટેલ સ્કૂલમાં સ્ટેજ શો ઉજવાયો





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં સ્ટેજ શો ઉજવાયો હતો, જેમાં શિક્ષકોએ નક્કી કરેલ ડ્રેસ પહેરીને બાળકો આવ્યા હતા. શિક્ષકોએ તૈયાર કરાવેલ ગીતો ઉપર બાળકોએ ખૂબજ સરસ પરફોર્મ કર્યું હતું. સ્ટેજ ઉપર પરફોર્મ કરીને બાળકોએ પોતાની અંદર રહેલી કલા બતાવી હતી અને દર્શકોનાં દિલ જીતી લીધાં હતાં.





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગર ખાતે વિદ્યાર્થિનીઓ દ્વારા અભ્યાસક્રમ આધારિત વૈજ્ઞાનિક સિધ્ધાંતોને આધાર બનાવી સ્વનિર્મિત ૧૧૫ જેટલાં મૉડેલ શાળાના વિજ્ઞાનશિક્ષકો તથા વાલીઓના સહકારથી તૈયાર કરી ડૉ. વિક્રમ સારાભાઈ વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનના ઉદ્‌ઘાટક તરીકે નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના મૅનેજિંગ ડિરેક્ટર અનિલભાઈ પટેલ અને અતિથિ તરીકે કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શન નિહાળવા ભગિની સંસ્થાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો ઉપરાંત વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર આયોજન આચાર્ય નીરૂબેન પટેલ અને સુપરવાઈઝર સંગીતાબેનનાં માર્ગદર્શન હેઠળ કન્વીનર સ્મિતાબેન જોશી અને શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# મહાત્માનાં અર્ધાંગિની

॥ બીજો મણકો ॥

બાનાં માતાપિતા અને ભાઈઓ વહેલી વયે મૃત્યુ પામ્યાં. બાપુએ પોતાનાં લખાણોમાં આપેલા સંદર્ભો સિવાય બાના પરિવારના ઈતિહાસ વિશે જાણવાનો કોઈ આધાર નથી.

એટલે મારા અને મારાં પત્ની સુનંદાના સંશોધનનો મુખ્ય સ્રોત રહ્યો, મૌખિક ઈતિહાસ. આ ઈતિહાસ આપનારા તમામની દૃષ્ટિ બાપુની પ્રેરક સ્મૃતિઓથી અંજાયેલી હતી. બાને કેન્દ્રમાં રાખી વાતો કઢાવવામાં અમારે ધીરજ અને ખંતની ભરપૂર જરૂર પડતી. ૧૯૬૦થી અમે મુલાકાતો લેવા માંડી, રેકોર્ડિંગ કરવા માંડ્યાં. બાની સાથે થોડુંય રહ્યા હોય તેવા લોકોને અમે શોધતા રહેતાં.



છેવટો પુસ્તક તો તૈયાર થયું, પણ યુરોપ-અમેરિકાના કોઈ પ્રકાશક તેને છાપવા તૈયાર નહીં. 'કસ્તૂરબામાં કોને રસ પડે ? તમે તમારા દાદા મહાત્મા ગાંધી વિશે કેમ નથી લખતા ?' એવા પ્રતિભાવ મળતા.

અમને આશ્ચર્ય થતું. મહિલાઓના અધિકાર માટે અમે જાગ્રત, તેથી બાનાં જીવન અને કાર્યો વિશે ઉતરતો મત સ્વીકારીએ નહીં. સહેલાઈથી હાર માનીએ નહીં. ચેવટો ૧૯૭૯માં એક જર્મન પ્રકાશક વેલાખ હીન્દા ઉન્દ દીલ્માએ તેની જર્મન આવૃત્તિ પ્રગટ કરી. ૧૯૮૩માં મેક્સિકો યુનિવર્સિટીએ તેનું સ્પૅનિશ ભાષાન્તર પ્રગટ કર્યું.

પુસ્તકની અંગ્રેજી આવૃત્તિના પ્રકાશનમાં હજુ વિઘ્નો આવ્યા જ કરતાં હતાં. તેની વાત ન કરીએ તેટલું જ સારું. અમે આશા છોડી દેવાની તૈયારીમાં જ હતાં, એ વખતે ઓઝાર્ક માઉન્ટન નામે એક પ્રકાશકે છેવટે પુસ્તક છાપ્યું.

બા-બાપુ અભિન્ન છે એટલે એક રીતે આ બા-બાપુની સહિયારી જીવનકથા છે. બાની કહાણી, બાપુના જીવન જેવી નાટ્યાત્મક નથી, પણ છતાં એ કહાણી અલગ છે, અજોડ છે, પ્રેરક છે. મને આશા છે કે પ્રેમપૂર્વક કરેલો અમારો આ પરિશ્રમ સાર્થક થશે....

આ પુસ્તકની પ્રસ્તાવનામાં અનુવાદક સોનલ પરીખ લખે છે :

'કસ્તુરબા મારાં દાદીનાં દાદી

લોહીનો આ સંબંધ ન હોત તો પણ કસ્તુરબાને સમજવાની ઝંખના, એક સ્ત્રી તરીકે, એક સર્જક તરીકે મારામાં જાગી જ હોત એમ હું ચોક્કસ માનું છું.

તેર વરસની ઉંમરે પોતાનાથી થોડા મહિના નાના મોહનદાસ સાથે તેમનાં લગ્ન થયાં. બાસઠ વર્ષના દાંપત્ય દરમિયાન મોહનદાસ મહાત્મા બન્યા, અંગત અને જાહેર જીવનનાં શિખરો સર કરતા ગયા, સત્યાગ્રહની અત્યંત મૌલિક પદ્ધતિ શોધી, દક્ષિણ આફ્રિકામાં અને હિન્દમાં વિરાટ કાર્યો કર્યાં, દેશને બ્રિટીશ શાસનથી મુક્ત કર્યો, સમગ્ર વિશ્વની ગરીબ, શોષિત માનવજાતને પાંખમાં લેવા ધાર્યું. આવાં નિત્ય પરિવર્તનશીલ અને સત્યશોધક, આદર્શો અને સિદ્ધાંતો માટે મોટા ભોગ આપવા અને અપાવવા કટિબદ્ધ મહાત્માનાં્ અર્ધાંગિની બનવું એ બહુ કપરું, ગજુ માગી લે તેવું કામ છે.

બાુનાં જીવનકાર્યો અને દેશના ઈતિહાસનાં મહાપરિવર્તનો સાથે, બાનું જીવન અભિન્નપણે વણાયેલું છે. બાપુની પડખે રહી, બાએ પણ વિરાટ ઐતિહાસિક ઘટનાઓનાં મૂળમાં, પોતાની પ્રાણશક્તિ સીંચી છે. કાઠિયાવાડની એક સંસ્કારી પણ નિરક્ષર કન્યામાંથી રાષ્ટ્રમાતા બનતાં સુધીની બાની યાત્રાના વળાંકો અને પડાવો કેવાં હશે ? તેમણે કેવાં સમાધાનો કર્યાં હશે, શું છોડ્યું હશે, શું અપનાવ્યું હશે, પોતાને કેવી રીતેસજ્જ કરતાં રહ્યાં હશે, તેની કલ્પના કરું, ત્યારે મારા મનમાં જે રોમાંચ જાગે છે, જે ઉથલપાથલ છે, તેનું વર્ણન કરવું મુશ્કેલ છે.

ડૉ. અરુણ ગાંધી - મારા અરુણમામાનું પુસ્તક ધ ફરગોટન વુમન વાંચ્યું ત્યારે એક પૌત્ર તરીકે કસ્તુરબાને સમજવાની અને તેમની વ્યક્તિત્વને વિશ્વ સમક્ષ રજૂ કરવાની અરુણમામાની તાલાવેલી મને ઉંડે સુધી સ્પર્શી ગઈ. તેમણે અને સુનંદામામીએ બાના જીવનચરિત્રના આલેખન માટે પુષ્કળ જહેમત ઉઠાવી છે અને ઉપલબ્ધ માહિતી સાથે કલ્પનાનું સંયમિતસંતુલ સાધતા જઈ, અત્યંત સુંદર રીતે, પ્રેમપૂર્ણ નજાકત સાથે બાનું અનોખું જીવન શબ્દબદ્ધ કર્યું છે. પુસ્તકમાંથી પસાર થતાં આપણે જાણવા પામીએ છીએ કે બા અંધ અનુગામની નહતાં, સમજદાર અને પ્રેમાળ જીવનસંગિની હતાં. તેમનું માતૃત્વ તેમનાં સંતાનો અને સંતાનોનાં સંતાનોથી વિસ્તરી હજારો-લાખો દેશવાસીઓ સુધી પહોંચ્યું હતું....'

બાનો ભારે ગુણ કેવળ સ્વેચ્છાએ મારામાં સમાઈ જવાનો હતો. એ કંઈ મારી ખેંચથી નહોતું બન્યું, પણ બામાં જ એ ગુણ સમય આવ્યે ખીલી નીકળ્યો. તેની ઈચ્છાશક્તિ ખૂબ મજબૂત હતી. નવપરિણીત કાળમાં હું બાને હઠીલી ગણી કાઢતો, પણ આ મજબૂત ઈચ્છાશક્તિને લીધે તે અજાણમાં જ અહિંસક અસહકારની કળામાં મારી ગુરુ બની. મારું જાહેરજીવન ખીલતું ગયું તેમ બા ખીલતી ગઈ અને પુખ્ત વિચારપૂર્વક મારામાં એટલે કે મારા કામમાં સમાતી ગઈ.

અમે અસાધારણ દંપતિ હતાં. ૧૯૦૬માં એકબીજાની સંમતિથી અમે આત્મસંયમ સ્વીકાર્યો. ત્યારથી અમારો સંબંધ સાચા મિત્રનો થયો. અમે બે ભિન્ન વ્યક્તિ બની ગયાં. અમારી ગાંઠ પહેલાં કદી નહોતી તેવી દઢ બની. મારી એવી ઈચ્છા નહીં છતાં તેણે મારામાં લીન બનવાનું પસંદ કર્યું. પરિણામે તે સાચે જ મારું શુભતર અર્ધાંગ બની. મારે જન્મોજન્મ સાથીની પસંદગી કરવી હોય તો હું બાને જ પસંદ કરું.

- મોહનદાસ કરમચંદ ગાંધી



સૌજન્ય : અરુણ ગાંધી લિખિત 'બા : મહાત્માનાં અર્ધાંગિની'

# અમદાવાદમાં આજથી ફ્રી થિયેટર વર્કશોપ

## ઈન્ટેન્સીવ અને ક્રિયેટીવ થીયેટર વોર્ક્શોપનું આયોજન નવજીવન પ્રેસ "જીતેન્દ્ર દેસાઈ મેમોરીયલ"ના સહયોગથી

ગાંધીનગર, તા. ૩૧

થીયેટર એ માત્ર નાટકનો શો નથી, પરંતુ પ્રસ્તુતિ પેહલા કરવામાં આવતી તૈયારીઓને કારણે, જીવતું-જાગતું એક અજાણ્યું જૂથ છે. જયારે લોકો ૩ કલાકની ફિલ્મ અથવા નાટક જોવે છે ત્યારે એમને એમ થાય છે કે, આ તો બહુ સેહલું છે. પણ પ્રેક્ષકોને એ ખબર નથી હોતી કે એની પાછળ કેટલી બધી તૈયારીઓ કર્યા પછી આ નાટકની ભજવણી થઈ શકે છે અને એમાંથી ઘણાને આવા નાટકમાં ભાગ લેવાની ઈચ્છા પણ થાય છે.

નાટક કેવી રીતે કરાય? શું વાંચવું જોઈએ? પાત્રમાં કેવી રીતે ઢળાવવું? થીયેટરની ફિલ્ડમાં કરિયર બનાવવું હોય તો શું કરવું? આ બધાજ પ્રશ્નો, જેને નાટક કરવું હોય છે એને ક્યારેક તો થાય જ છે, અને જેના જવાબો માત્ર નાટકની કાર્યશાળાઓમાં એટલે કે, થીયેટર વર્કશોપમાં જ જાણવા-શીખવા મળે છે. આવા જ એક ઈન્ટેન્સીવ અને ક્રિયેટીવ થીયેટર વોર્ક્શોપનું આયોજન નવજીવન પ્રેસ "જીતેન્દ્ર દેસાઈ મેમોરીયલના સહયોગથી "ધ અર્થિંગ ગ્રુપ" દ્વારા "વિન્ટર થીયેટર સ્કુલ" અંતર્ગત કરવામાં આવેલ છે.

આ વર્કશોપનો ઉદ્દેશ થીયેટરનું સાચું અને સારું શિક્ષણ જે સાચા અર્થમાં નાટ્યકળા સાથે જોડવા માંગે છે અને નાટકની ફિલ્ડમાં પોતાનું કરીયાર બનાવવા માંગે છે તેમના માટે એક યોગ્ય પ્લેટફોર્મ ઉભું કરવનો છે.

વર્કશોપ, ૦૧ જાન્યુઆરી થી ૦૯ જાન્યુઆરી ૨૦૧૯, એમ સળંગ ૯ દિવસ સુધી, જીતેન્દ્ર દેસાઈ મેમોરીયલ હોલ, નવજીવન પ્રેસ, ગુજરાત વિદ્યાપીઠની પાછળ, ઈન્કમટેક્ષ – અમદાવાદ ખાતે, સાંજે ૬:૩૦ થી ૧૦:૩૦ દરમિયાન યોજાશે.

આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને થીયેટર અને ફિલ્મના જુદા જુદા તજજ્ઞો દ્વારા શીખવાડવામાં આવશે. જેવાકે રાજુ બારોટ, કમલ જોષી, હર્ષલ વ્યાસ, સંજય ગલ્સર - એક્ટર, નીતીશ પારેખ - સંગીતગ્ય, સરફરાઝ અલી, દેવાંગી જોશી, શબાના પઢીયાર - મેકપ આર્ટિસ્ટ, ભાર્ગવ ત્રિવેદી - લેખક, મેહુલ પટેલ - લાઈટ ડીઝાઈનર, હીના સકસેના - એન્કર, વનરાજ શાસ્ત્રી – સંગીતકાર, વોલ્ટર પીટર, પ્રફુલ પંચાલ (THEATRE THERAPIST), ચિરાગ પારેખ (ART DIRECTOR), પરિધિ શેલત અને અનીલસિંહ રાઠોડ.

આ વર્કશોપમાં ૧૨ વર્ષથી મોટી ઉમરની કોઈપણ વ્યકિત વિના મુલ્યે ભાગ લઈ શકશે અને ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

રજિસ્ટ્રેશન માટે સંપર્કસૂત્ર
theearthinggroup@gmail.com,
7046685949 / 9925944688
www.facebook.com/theearthinggroup